સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

શહિદીના ઘાટે કોઈને વિજયનો નશો છે,
લડ્યા પહેલાં જ ચૂંટણી વિજયનો નશો છે,
ચઢ્યો છે નશો પીધી છે બહુ ભાંગ વિકાસની -
મહાશિવરાત્રીનાં ભૂતોને વિજયનો નશો છે.

હાઈકુ

કરું છું હું જ -
એ જ અજ્ઞાન મોટું -
બિયારું શ્વાન !
(સૈન્યના સકટ નીચે)

પહેલે બોલે,
ઈમરાન આઉટ
ઝીરો ઝૂમલે...
(મેદાને - જંગ)

ચિંતન

યથા સુવર્ણં પુરપાક શોષિતં ત્યકત્વા મલં સ્વાત્મગુણં સ્મૃચ્છતિ ।
તથા મનઃ સત્વરજસ્તમોમલં ધ્યાને ન સન્ત્યજય સમેતિ તત્ત્વમ્ ॥

ઉપરોક્ત શ્લોક 'સંસ્કૃત સુભાષિત ભાંડાગાર' માંથી લેવામાં આવેલ છે

જેમ પુટપાકથી સ્વચ્છ બનેલું સોનું મેલ ત્યજીને શુદ્ધ બની પોતાના અસલી ચમકરૂપ ગુણને પ્રાપ્ત કરે છે, તેમ મન પણ ધ્યાન દ્વારા તત્ત્વ, રજસ્ અને તમસ્ના મેલને ત્યજી પરમતત્ત્વને પામે છે.

સોનું ગરમ કરી તેને તપાવી તેમાંથી મેલને દૂર કરવામાં આવે છે. તેમ તપ અને ધ્યાન દ્વારા 'મન'ને મઠારી આત્મા પર લાગેલા સત્વ-રજ-તમ ના દોષોને દૂર કરીને આપણે પરમ તત્ત્વને પ્રાપ્ત કરી શકીએ છીએ.

સુવિચાર

- સમુદ્રમાં તરંગ ઉઠે છે તે સમુદ્રથી ભિન્ન નથી - **ચીની કહેવત**
- વિધિ 'બ્લાઈન્ડ' તીન પત્તીની રમતની જેમ જિંદગીને ગુલાંટો ખવડાવી દે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ઝઘડામાં પડવાથી બચો પરંતુ જો તેમાં પડી જ જાઓ તો એવા પડો કે શત્રુ તમારાથી ભયભીય થઈ જાય - **શેક્સપિયર**
- અટકવાના અનેક પ્રકાર છે, છૂટવાનો એક પ્રકાર છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- સોનાના મ્યાનવાળી તલવારમાં તલવાર ભિન્ન છે, મ્યાન ભિન્ન છે - **અફઘાન કહેવત**
- ગાયનાં બે શિંગડાં ગધેડાને હોત તો એ પોતાની નજદીક કોઈ માણસને ઊભો ન રહેવા દેત - **રમાકાંત જોષીપુરા**
- આજનું ઔષધ : અનાનસ અને ટમેટાંને પીસી તે પેસ્ટ ચહેરા પર લગાવવાથી તે લાંબે ગાળે ત્વચા નીખરે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ઈંગ્લેન્ડના લેંકશાયરમાં ૧૮૮૭નાં નવેમ્બરમાં રોબર્ટ સ્ટિફન લોરીને ત્યાં પુત્ર જન્મ થયો. રોબર્ટ એસ્ટેટ એજન્ટ તરીકે કામ કરતો હતો અને પત્ની એલિસા પિયાનો શીખવડાવાનું કામ કરતી હતી. ગરીબી અને નિષ્ફળતાઓથી ઘેરાયેલા દંપત્તિને એણ થતું કે આપણે દીકરાને મોટો વેપારી બનાવશું. જેથી તેને આ ગરીબી જોવી ન પડે. અને પૈસા માટે તેને કદી મૂંઝવણ ન પડે. દીકરો સમજણો થયો ત્યારે તેને ચિત્રકલામાં રસ જાગ્યો તેને શાળામાં ભણવા મૂક્યો ત્યારે ત્રીજા વર્ષે જ તેણે કહ્યું કે મારે આ શાળામાં નથી ભણવું. મને ચિત્રો દોરતાં શીખવો એવી શાળામાં મૂકો. જો કે લોરી દંપત્તિ પાસે એટલા નાણાં ન હતા કે દીકરાની ઈચ્છા પૂરી કરી શકે. અને એમનું સ્વપ્ન તો દીકરાને ચિત્રકાર નહીં પણ વેપારી બનાવવાનું હતું. પુત્ર જેમતેમ પંદર વર્ષનો થયો. સાધારણ સ્કૂલમાં અભ્યાસ કર્યો. ઘરની ગરીબી જોઈ તેણે નોકરી લીધી. શેઠે તેને પોતાની મિલ્કતોના ભાડા ઉઘરાવવાનું કામ સોંપ્યું. જયારે કોઈ ભાડું આપવા માટે બેસાડી રાખે તેવા સમય દરમિયાન તે સ્કેચબુક સાથે રાખતો અને તેમાં ચિત્રો બનાવતો. જેણે તેનું લંડનમાં આ ચિત્રોનું ભવ્ય પ્રદર્શન કર્યું અને આ લોરેન્સ લોરીનો કળાજગતમાં પ્રવેશ કરાવ્યો.લોરેન્સની કળા એટલી વખાણાઈ કે તેને લંડન સ્કૂલ ઓફ આર્ટમાં ફેકલ્ટી તરીકે નીમવામાં આવ્યા. તેમના જીવતા જ ઈંગ્લેન્ડ સરકારે તેમની ટપાલ ટીકીત પ્રગટ કરી. એમને સરકાર તરફથી 'નાઈટ હુડ'નો ખિતાબ આપવાની જાહેરાત થઈ. પણ લોરેન્સ ઔદ્યોગિક ક્રાંતિ નીતિનાં વિરોધમાં હતા તેથી તેમણે તે ખિતાબ સ્વીકારાની ના પાડી.

શિવ સંકલ્પનું મહાપર્વ

તંત્રીસ્થાનેથી...

આદિ દેવ, દેવાધિદેવ અને મહાદેવ જેવાં વિવિધ વિશેષણો ધરાવતા ભગવાન ભોળાનાથ અજન્મા છે, એમને નથી જન્મ કે નથી મૃત્યુ. અલબત્ત, એમને એક પરિવાર જરૂર છે. એમને ત્રિદેવ પૈકી સૌથી શક્તિશાળી અને ઉદાર, સૌથી સાદા અને સૌથી સંતુષ્ટ દેવ તરીકેની પ્રતિષ્ઠા સાંપડેલી છે. સમુદ્ર મંથન વેળાએ નીકળેલા વિષનું શું કરવું એ પ્રશ્ન પેદા થયો ત્યારે બધાને એક જ તારણહારનું સ્મરણ થયું. ભગવાન 'શંકર' કલ્યાણ કરનારા 'મહા-દેવ' હોઈએ ભારે સમસ્યા એમણે પળવારમાં હલ કરી દીધી. હલાહલ કાલકૂટ વિષ પી જઈને એમણે દેવોને ભયમુક્ત કરી દીધા. ફક્ત દેવોને જ કેમ ? - દાનવોને પણ. કારણ કે બેઉ પક્ષો સમુદ્ર મંથનમાં જોતરાયેલા હતા. આ વિષપાન કરનારા દેવાધિદેવને જવાબદારી 'મૃત્યુ' જેવા અણગમતા વિષયની સોંપાઈ છે. ભોગનાથ આસુતોષ છે - થોડી જ આળપંપાળથી ઓળખોળ થઈ જનારા દેવ છે. વળી પશ્ચિમના સંશોધકો તો એમને અનાર્યોના દેવ જ ગણતા રહ્યા છે. એકી સાથે તેઓ રામ અને રાવણને મદદરુપ બન્યા છે. એમણે તપ કરનારની કુળ પરંપરા કે એની યોગ્યતા - અયોગ્યતાનો સહેજ પણ વિચાર કર્યા વિના વરદાન વરસાવ્યાં છે. એનો ગેરલાભ લઈ ઘણા અસુરોએ બેફામ બની પૃથ્વી પર ત્રાસ વરસાવ્યો ત્યારે એમના વિનાશ માટે પણ શિવજીએ જ આંખ લાલ કરવી પડી છે. શિવજીના વંશજ વિના અસુરનો સંહાર શક્ય ન લાગ્યો ત્યારે દેવોએ કામદેવને મોકલીને શિવનું બ્રહ્મચર્ય તોડાવ્યું હતું. પોતાને સમાધિમાંથી જગાડનાર, તપશ્ચર્યામાં ખલેલ પહોંચાડનાર પુષ્પધન્વા કામદેવને ત્રીજું નેત્ર ખોલી બાળી મૂકનાર શિવજી રતિના વિલાપથી એટલા વિચલિત થઈ ગયા કે કામદેવને એમને જીવ માત્રના મનમાં પ્રતિષ્ઠિત કરી અમર બનાવી દીધો. શિવરાત્રી સાથે સંકળાયેલી વ્યાધ અને હરણીની કથા પણ કેવી રોમાંચક છે! વ્યાધ રાતભર શિકારની શોધમાં ઝાડ ઉપર ચડીને સમય પસાર કરવા બીલીવૃક્ષનાં પાંદડાં તોડી તોડી નીચે ફેંકતો રહ્યો. એને કયાં ખબર હતી કે વૃક્ષના થડ પાસે શિવલિંગ દટાયેલું હતું ! પરંતુ આગળ કહ્યું તેમ શિવ નાની અમથી બાબતમાં રાજીના રેડ થઈ જનારા દેવ છે. વ્યાધ અને હરણી - તમામને અમરત્વ સાંપડ્યું. શિવરાત્રીએ વર્ષ દરમિયાન આવતી સૌથી પવિત્ર રાત્રીઓ પૈકીની એક છે. એ કલ્યાણપર્વ છે. ચાલો, આપણે આપણા આદિદેવ - દેવાધિદેવ - મહાદેવના પૂજન-અર્ચન સ્વરુપે એકાદ 'શિવ સંકલ્પ' લઈએ. કૈલાસપતિ મહાદેવ પાછા એટલી જ આસાએસથી સ્મશાનમાં રહે છે અને વાહન તરીકે પણ નંદીનો ઉપયોગ કરે છે. પર્યાવરણ પ્રેમી શિવજી રાષ્ટ્રની જીવનધારા સમી ગંગાને અને શીતળતા રેલાવતા ચંદ્રને જટામાં ધારણ કરે છે. સર્પો એમનાં આભૂષણ છે. આવા દેવાધિદેવનું પર્વ આપણા કલ્યાણ માટેનું સંકલ્પ પર્વ બની રહો એ જ અભ્યર્થના. હર હર મહાદેવ હર !

શારદા ચીટ ફંડ ૧૯ લાખ લોકો છેપરપીંડીના ભોગ બન્યા : ૨૫ વર્ષમાં ૩૪ ઘણા નાણા કરી આપવાની લોભામણી જાહેરાત

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

શારદા ચીટ ફંડના મુદ્દે પશ્ચિમ બંગાળમાં રાજકીય ગરમાવો કેટલાય સમયથી ચાલી આવ્યો છે. જેમાં રાજકીય રોટલા શેકવા રાજકીય પક્ષો પડાપડી કરી રહ્યા છે પરંતુ સામાન્ય નાગરિકો, ગરીબ વ્યક્તિઓ કુલ ૧૯ લાખ ઉપર છે જે આ છેતરપીંડીનો ભોગ બન્યા છે. ૨૫ વર્ષમાં નાણા ૩૪ ઘણા કરી આપવાની લોભામણી લાલચમાં જનતાના નાણા ફસાઈ ગયા નાણા ડબલ કરી આપવાની ખાતરી આપી ચીટ ફંડમાં નાણા રોકાવડાયા કંપનીની માયાજાળ માત્ર બંગાળમાં પૂરતી ન હતી ઝાડખંડ, ઓરીસ્સા અને પૂર્વોત્તર રાજયોમાં પણ આવી કંપનીની જુદા જુદા શહેરમાં ૩૦૦ થી વધારે ઓફિસો હતી અને ૨૦૧૩ માં એક દિવસ અચાનક જ કંપનીના પાટીયા પડી ગયા. લોભીયા હોય ત્યાં ધુતારા ભુખે ના મરે તે યુક્તિ આમા સફળ થઈ. લોકો ટાઢા પાણીએ રોયા. શારદા ચીટ ફંડ અને રોઝવેલી ચીટ ફંડના નામે બોન્ડ બહાર પાડી આખો ધંધો મોટી મોટી જાહેરાતો આપી કરવામાં આવેલ અને લોભી લોકો નાણા ૧૫ મહિનામાં ડબલ તથા ૨૫ વર્ષમાં ૩૪ ઘણા કરવાની લાલચો આપવામાં આવી હતી. શ્રમજીવી લોકો ગરીબલોકોને દિલાસો બતાવી લોકોના રૂપિયા ચાઉં કરી ગયા. શારદા કંપનીનો ચેરમેન સેન લેવીસ લાઈફ સ્ટાઈલ ભોગવતો હતો અને નાણા રોકાણની જગ્યાએ પોતાના માટે જ વાપરતો અનેક લોકોએ આપઘાત કરવાનો વારો આવ્યો દિકરા, દિકરીઓના લગ્ન અટકી ગયા. તૃણમુલ કોગ્રેંસના નેતાઓની આ કૌભાંડમાં ડાયરેકટ સંડોવણી હતી પક્ષની બદનામી થવાના ડરે મળતા બચવામાં ઉતરી પડી રાજયસભાના સાંસદ ચીટ ફંડના મીડીયા ડિવીઝનના અધ્યક્ષ હતા. મુકુલ રોયનું નામ પણ ઉછળતા પાછળથી એ ભાજપમાં જોડાઈ ગયા. રાજકીય પક્ષોને કરોડોનું ડોનેશન આપવાનું કૌભાંડ મુકુલ રોયના નામે છે. કૌભાંડનો તાર વેકટેશ ફિલ્મના ડિરેકટની પણ ધરપકડ કરવામાં આવી હતી. આખો મામલો સુપ્રિમ કોર્ટમાં જતા તપાસ સીબીઆઈને સોંપવામાં આવી. અત્યાર સુધીમાં સીબીઆઈની કામગીરી ઉપર પણ શંકા ઉપજેલ પશ્ચિમ બંગાલમાં એક એસઆઈટી એટલે કે સોશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમની રચના કરવામાં આવી હતી જેના લીડર કોલકતાના ચીફ પોલીસ કમિશ્નર હતા. સીબીઆઈએ અમુક પુરાવા સામે ચેડા કરવા તથા કેટલાક લોકોને બચાવવા માટે રાજીવકુમારે મદદ કરેલ તેનો આક્ષેપ લગાવી તેમના ઘરે રેડ કરવા જતા સીબીઆઈને મમતાબેનર્જી સરકારે અટકાવી સીબીઆઈ ઓફિસરની ધરપકડ કરતા આખો મામલો ફરી સુપ્રિમ કોર્ટમાં ગયો. હાઈ વોલ્ટેજ પોલીટીકલ ડ્રામા બાદ સુપ્રિમ કોર્ટે આપેલો ચુકાદો બન્ને પક્ષકારોએ માન્ય રાખી આનંદ વ્યકત કર્યો. સુપ્રિમમાં બન્નેની હાર છે. સુપ્રિમે એમ નથી કહ્યું કે તમે સાચા છો. સુપ્રિમે તો કાયદા પ્રમાણેનું જ કામ કરી હુકમ કરેલ અદાલતને રાજકારણ સાથે કોઈ જ લેવા દેવા હોતી નથી. આતો બન્ને પક્ષકારો પોતાની અનુકુળ હોય તેવું તારણ તારવી લેતા હોય છે. કૌભાંડના ગુન્હેગારોને કયારે સજા થશે તે મોટો પ્રશ્ન છે. હાલ તો સીબીઆઈ પુરાવા ભેગા કરવામાં જ આંખે પાણી લાવી દીધા છે. સરકાર ચીટ ફંડમાં દોષિત હોય તપાસમાં સહકાર ના આપે તે સ્વાભાવિક છે. સરકાર બદલાતા કોઈ પરિણામ આવે ત્યાં સુધી રોકાણકારોનું શું? તે યક્ષ પ્રશ્ન છે. પશ્ચિમ બંગાળ અને કલકતા ચીટ ફંડોનું સ્વર્ગ ગણાય છે. બાજનજરવાળા શિકારી આસાનીથી ગરીબ લોકોના નાણા રોકાણ કરવા ફસાવતા જાય છે. સરવાળે તપાસના નામે મીંડુ જ હોય છે.

કોલકતા પોલીસ કમિશ્નરને સુપ્રિમ કોર્ટે તપાસમાં સહકાર આપવા અને ત્યાં સુધી ધરપકડ ટાળવા હુકમ કરેલ છે. રાજીવકુમારને બચાવવાનો ખેલ મમતા બેનર્જીનો હાલ તો ઉંધો પડયા છે પરંતુ મમતા પડયા પછી પણ તંગડી ઉંચીની જેમ પોતાની જીત બતાવી ઉજવણી કરી રહી છે. મમતા બેનર્જીએ અમીત શાહથી લઈ યોગી આદીત્યનાથ સુધીની જાહેર સભાને મંજુરી આપી નથી. કેટલાય નેતાના હોલ્ડીંગ્સ હટાવ્યા છે. જો સભા થાય તો આમ જનતાને સત્ય હકિકત ઉજાગર જાય રાજકીય પક્ષ કરે અને મતો મેળવી જાય તો મમતા સરકાર પડી ભાંગે તેથી સભાઓ રોકવા યેનકેન પ્રકારે કાવત્રા રચે છે. યોગીએ અમીત શાહે વગર પરવાનગીએ સભા કરી સેંકડો કાર્યકરો ઉમટી પડેલ જે શારદા ચીટ ફંડનો ભોગ બનેલ લોકો હતા.

રાજીવકુમાર સામે પુરાવામાં છેડછાડ કરવાનો સ્પષ્ટ અને ગંભીર આક્ષેપ સીબીઆઈ લગાવી રહી છે જેમાં દોષીત સાબીત થતા જેલ થશે તે સ્પષ્ટ વાત છે. છેતરાયેલા ગરીબ અને મધ્યમ વર્ગના લોકો રાતાપાણીએ રડી રહ્યા છે અને રાજકારણીઓ ગોલ સાબીત કરવામાં પડ્યા છે. લોકસભાની ચૂંટણી સુધી આ કૌભાંડ ગાજવાનું છે જેનો લાભ કઈ રાજકીય પાર્ટીને થશે તે આગામી સમયમાં જાણ થશે કે કોને નુકશાન થશે? પરંતુ જેને નુકશાન થયું છે તે સદાય રડતા જ રહેશે રૂપિયા ગુમાવનારાઓની સત્ય હકિકત જાણ્યા પછી રૂવાડા ઉભા થઈ જાય તેમ છે. કેટલાકે ઘર, દાગીના, જમીન ગીરો મુકી નાણા રોકેલ છે કેટલાકે વ્યાજે નાણા મેળવી રોકાણ કરેલ છે જેના ઉપર વ્યાજનું ચક્કર ચઢી ગયું છે. હાલમાં પુરાવા ભેગા કરવામાં જ સીબીઆઈને આંખે પાણી આવી ગયું છે. ૮૦ ચાર્જશીટો કર્યા પછી પણ તેમના તેમ છે. હાલમાં તો ગરીબોના જીવ ઉપર રાજકીય રોટલા શેકાય છે. કૌભાંડ બહાર આવતા ઘણા બધા નેતાની રાજકીય કારકિર્દી ખતમ થઈ જશે. કોર્ટમાં પડેલ પુરાવાઓ ધ્યાને લઈને જ સજા કરે છે પરંતુ ઘોડા ભાગી છુડયા પછી તબેલાને તાળા જેવો ઘાટ થશે કેટલાય આરોપીઓ વિદેશ ભાંગી જશે. કેટલાય ભાગી ગયા છે. જેમને પરત લાવવા સીબીઆઈને આંખે અંધારા આવશે.

આમ જોવો તો આ આખી ગેમ પોલીટીકલ છે. ચૂંટણી જીતવાનો ખેલ છે. કેન્દ્ર સરકાર સીબીઆઈનો દુરઉપયોગ કરે છે તેવો ઢોલ મમતા ગામે ગામ જઈ પીટે છે. જેને આમ અદમી સાથે કોઈ લાગેવળગે નહિ તેમને તો બસ ન્યાય જોઈએ છે. પૈસા તરત જોઈએ છે. સરકાર ચીટ ફંડ કંપનીઓ સામે ગંભીર પગાલ ભરશે? કાયદામાં સુધારો કરશે? આવી કંપનીની મંજુરીઓ અટકાવશે? શું પગલા ભરશે તે જાણવા સૌ અધિરા છે. ફરી આવા કૌભાંડ ના થાય તે માટે શું તકેદારી રાખશે ? જુના પુરાણા કાયદામાં સુધારો થશે કે નહિ કે આમ જ લંગશીયા ગાડા ચાલે જશે અને બે ચાર વર્ષે એકાદ કંપની કરોડોનું ઉઠામણું કરી બંધ થઈ જતા ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને વોટ બેન્ક સરકાર બનાવી ત્યારબાદ સરકાર તેમને જ ભુલી જાય છે અને માધાતાઓ માટે કામ કરે છે. કૌભાંડીઓને બચાવવામાં લાગી જાય છે. જેના વોટે સરકાર બની તે ન્યાયની આશાએ મીટ માંડી બેસી રહી નસીબને કોસતો રહેશે. આ જ ભારતની તાસીદ છે. ગરીબ વર્ગને ન્યાય મળવો મુશ્કેલ જ નહી નામુમકીન છે.

આપણામાં રહેલા શિવ તત્ત્વને ખરા અર્થમાં સમજીએ...

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

સજન - નેહ નિભાવવો ઘણો દોહ્યલો, યાર :
તરવો સાગર હોડકે, સૂવું શસ્ત્રની ધાર

આજકાલ પ્રેમને અભિવ્યક્ત કરવાની રીત અને અભિવ્યક્તિના સ્વરુપ ઘણા સરળ બન્યા છે પણ સાચોસાચ નિભાવવાની બાબતમાં પ્રેમ પહેલા કરતાં પણ વધુ જટિલ બન્યો છે. ખૂબ જ ઝડપથી અને સરળતાથી 'Love You' કે 'Miss You' કહેનારા આપણે 'કમિટમેન્ટ' થી દૂર ભાગીએ છીએ. ધીરજ અને સંબંધ ટકાવવા કે નિભાવવા માટે પ્રતિબદ્ધ રહેવું ખૂબ અઘરું થતું જાય છે. તહેવારો, લગ્નો અને અંગ્રેજી 'ડે' ઊજવવામાં ખૂબ ઉત્સાહી બનેલા આપણે આ તમામની પાછળ રહેલા મૂળ હેતુને સાવ વિસરી જ રહ્યા છીએ ! ફોન હોય, લેપટોપ હોય કે કમ્પ્યુટર ડેટાથી ખીચોખીચ ભરેલા આ ઈલેકટ્રોનિક સાધનોની જેમ જ આપણા ઘર, આપણું મન અને આપણું દિમાગ કેટકેટલી વસ્તુઓ - બાબતોથી ભરાયેલું છે. આ આખાયે બ્રહ્માંડની રચના જ શૂન્યતાને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલી છે. શિવ એટલે આ 'શૂન્યતા', આ 'ખાલીપો' જે દિવ્ય જયોતથી પ્રજ્વલિત છે ! જીવથી શિવને પામવાની આપણી આ સફળ આદિકાળથી નિરંતર ચાલતી આવી છે. 'આદિલ' મન્સૂરી લખે છે :

'યુગ-યુગની વાતો કરવાની રહેવા દે
મારી પાસે તો અર્ધી-પર્ધી પળ છે...
આજ ગઝલની આંખે ટપકી આવ્યું તે
ઝમઝમ, ગંગાજળ, આંસુ કે ઝાકળ છે.
કયારે પામશે 'આદિલ' કોઈ ન જાણે એ,
માણસ તો બિન-મોસમનું કાચું ફળ છે.'

નિર્દોષ પ્રેમ, સહજ સ્મિત અને સાવ સીધી-સાદી વાતચીતનો દોર જાણે સાવ જ વિસરાઈ રહ્યો છે. કોઈ અચાનક, અકારણ આપણી મદદ કરે કે એક સ્મિત ફરકાવી જાય તો આપણું મન એની પાછળની શું ગણતરી હોઈ શકે એ વિચારવા લાગે છે. વોટ્સએપમાં એક વાર્તા વાંચેલી જેમાં એક દીકરીનાં બંને હાથમાં બે સફરજન હોય છે. તેની 'મા' જયારે દીકરીને કહે છે કે 'બેટા, બેમાંથી એક સફરજન મને આપી દે !' ત્યારે દીકરી ઝડપથી બંને હાથમાં રહેલા બંને સફરજનમાંથી એક-એક બટકું ખાઈ લે છે. મમ્મી બોલતી નથી પણ તેના મનમાં અને ચહેરા પર અણગમાના ભાવ ઉમટી આવે છે. આપણે પણ વાંચતા - વાંચતા વિચારીએ છીએ કે કેવા છે આજકાલના બાળકો મમ્મીને ન આપવું પડે એટલે બંને સફરજન એંઠા કરી નાખ્યા ! દીકરી પ્રત્યે ગુસ્સો, અણગમો 'મા' ને અને આપણને બંનેને આવી ગયા. પણ ખરી વાત હવે આવે છે ! દીકરી ખૂબ જ પ્રેમથી મમતાસભર નજરે 'મા' ને એમાંનું એક સફરજન આપીને કહે છે 'તું આ ખાઈ લે, આ વધુ મીઠું છે !' બસ, સંબંધોનું પણ કંઈક આવું જ છે. આપણે ગમે તેટલા વિદ્વાન, અંગત લાગણીથી જોડાયેલા કે અનુભવી હોઈએ ઘણીવાર બે આંખની નિર્દોષ ભાષા સમજવા સાવ જ અસમર્થ રહીએ છીએ.

પુલવામા હમલાથી લઈને એક નીડર ફૌજી યુવાન 'અભિનંદન'ના પરત આવવા સુધીની તમામ ઘટનાઓનું સસ્તું માર્કેટિંગ કરનાર આ દેશની ટીવી ચેનલોની ટીઆરપી વધારના આપણે થોડા સંવેદનશીલ ન બની શકીએ ? આપણો દેશપ્રેમ, પુત્રપ્રેમ, પતિ-પત્ની પ્રત્યેનો પ્રેમ, કુદરત પ્રત્યેનો પ્રેમ અને જાત પ્રત્યેનો પ્રેમ આ તમામને અભિવ્યક્ત કરવામાં જેટલા ઝડપી અને શક્તિશાળી આપણે બન્યા છીએ તેના અડધા પણ જો અંદરથી સાચા બનીએ તો સંવેદનાના એક નવા જ સ્વરુપને આપણી આસપાસ અનુભવી શકીશું.

શ્રી દીપક બારડોલીકર લખે છે તેમ :
"ભલે ઊતરો, મગર સમજી વિચારીને -
ઝરણાં હોય છે ક્યારેક દરિયા પણ...
બુઝેલાને બુઝેલા ના ગણો 'દીપક,
બુઝેલી આગમાં તો હોય તણખા પણ."

આપણે રોજ નવું-નવું શીખતા રહીએ છીએ, અને એ શીખેલી બાબતોનો જીવનમાં ઉપયોગ પણ કરીએ છીએ. પણ જ્ઞાન મેળવીને મહાપંડિત બનેલી કોઈ એક વ્યક્તિથી દેશ કે સમાજનો ઉદ્ધાર શક્ય નથી. લાખો કરોડો એવા આપણે દરેકે દરેકમાં રહેલા 'શિવ' તત્ત્વને પામીએ, પીછાણીએ અને ખરા અર્થમાં દેશ, સમાજ, વિશ્વ અને અંતે 'સ્વ'ને પામી શકીએ અને 'શૂન્ય' થી શરૂ થઈ 'શૂન્ય'માં ભળી જઈએ તે જ મહાશિવરાત્રીની શુભકામના !

nehalgadhavi101@gmail.com

પાકિસ્તાનની સાન ઠેકાણે લાવવા ભારતનો પરચો,આતંકવાદ વિરુદ્ધનો જંગ અખંડ

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

સદનસીબે ભારત અને પાકિસ્તાન વચ્ચે સંભવિત યુદ્ધ ટળ્યું. પાકિસ્તાનને એની નાની યાદ કરાવાઈ છતાં એણે તંગડી ભલે ઊંચી રાખી હોય, વાસ્તવમાં ભારતનું પલડું ભારે જ રહ્યું.ભારતીય લશ્કરી દળોએ પોતાની શક્તિનો પરચો બતાવ્યો, રાજકીય નેતાગીરીએ વિશ્વ સમક્ષ પોતાના શુભ ઈરાદાઓ પ્રસ્થાપિત કર્યા. હવે લોકસભાની ચૂંટણીઓ સમયસર થવાની ઘોષણા પણ ચૂંટણી પંચે કરી.હવે ઈસ્લામાબાદ નવા અટકચાળા નહીં કરે અને સીધી મંત્રણા હમણાં શરૂ ના થાય તો પણ બેકડોર ડિપ્લોમસી મારફત બંને દેશો વચ્ચેના સંબંધો સ્થપાશે, એવી આશા તો જાગી છે.પુલાવામામાં સેન્ટ્રલ રિઝર્વ્ડ પોલીસ ફોર્સ (સીઆરપીએફ)ના કાફલા પર પાકિસ્તાનપરસ્ત આતંકી જૂથ "જેશ-એ-મોહમ્મદ"ના ઈશારે ૧૪ ફેબ્રુઆરીએ ફિદાઈન હુમલો કરીને ૪૦થી વધુ જવાનોને શહીદ કરવાના ઘૃણાસ્પદ કૃત્યનો બદલો લેવા સમગ્ર દેશ સંગઠિતપણે તત્કાળ કાર્યવાહી ઝંખતો હતો. અપેક્ષા હતી એમ જ આખરે ૨૬ ફેબ્રુઆરીના મળસ્કે ભારતીય હવાઈ દળે પાકિસ્તાને ગપચાવેલા જમ્મૂ-કાશ્મીર (પીઓજેકે જેને આપણે પીઓકે કહીએ છીએ)માં બોમ્બવર્ષા કરીને ત્યાં ચલાવાતી ભારતદ્રોહી આતંકી છાવણીઓનો ખાત્મો બોલાવવાનું પગલું ભર્યું છે. મિશન હજુ અધૂરું છે. ભારતની લડાઈ પાકિસ્તાન સામે નહોતી,આતંકવાદ સામે રહી છે.ભારત ભણી આતંકની નિકાસ કરવાનું પાકિસ્તાન બંધ કરાવે અને ભારત સાથે મૈત્રી સંબંધ જાળવે.ભારતીય એરસ્ટ્રાઈકના બીજા જ દિવસે પાકિસ્તાને અટકચાળો કરીને ભારતીય હવાઈ સીમમાં ઘૂસવાનો અને લશ્કરી છાવણીઓ પર હુમલો કરવાનો જે પ્રયાસ કર્યો એમાં બંને પક્ષે વિમાન ગુમાવવાનો વખત તો આવ્યો,પણ ભારતીય એરફોર્સના ઝંબાઝ વિંગ કમાન્ડર અભિનંદનનું વિમાન તોડી પડાતાં એમણે ઈજેક્ટ થવું પડ્યું અને પાકિસ્તાનમાં પકડાયા.જોકે ભારતના પ્રયાસો અને વિશ્વના દેશોના દબાણને પરિણામે જીનિવા સંધિ મુજબ સપ્તાહ પછી અભિનંદનને પરત ભારતને સોંપવાને બદલે બે જ દિવસમાં સ્વદેશ પાઠવાયા એ દિલ્હીની કૂટનીતિક જીત લેખાવી શકાય.સાથે જ યુદ્ધ ટાળવાના સંજોગો બન્યા એ શુભ સંકેત કહી શકાય.ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કૂટનીતિક પ્રયાસો ઈસ્લામી દેશોના સંગઠન (ઓઆઈસી)માં પાકિસ્તાનને વિખૂટું પાડવામાં સફળ રહ્યા એ સૌથી મોટી ઉપલબ્ધિ ગણાવી શકાય.લોકસભાની ચૂંટણી જીતવા માટે મોદી યુદ્ધજવરનો આ ખેલ ખેલી રહ્યાનો લવારો પાકિસ્તાનમાં સતત થતો રહ્યો,પણ વાસ્તવમાં પાકિસ્તાન પોતે જ જે ઓઆઈસીનું સંસ્થાપક હોય તેની પરિષદમાં ભારતનાં વિદેશમંત્રી સુષ્મા સ્વરાજને માનવંતા મહેમાન તરીકે નિમંત્રણ મળે,એ એને સંબોધન કરે અને પાકે એનો બહિષ્કાર કરવો પડે; એ ભારે નાલેશી ઈસ્લામાબાદે વહોરવી પડી છે.

હજુ પાકના ચાર ટુકડા શક્ય

અમેરિકા પાકિસ્તાનનું આશ્રયદાતા હતું એ સંજોગોમાં પણ સીઆઈએ થકી એના મિત્ર દેશના ચાર ટુકડા થવાની શક્યતાના નકશા પ્રકાશિત થયા હતા: પંજાબ, સિંધ, બલૂચિસ્તાન અને વાયવ્ય પ્રાંત એટલે કે પખ્તૂનોનો પ્રાંત અલગ થઈ શકે. આજકાલ ભારતમાં પાકિસ્તાનના અસ્તિત્વને મિટાવી દેવાની ગાજવીજ ચાલે છે.પાકિસ્તાનને નેસ્તનાબૂદ કરવા માત્રથી વાત પતતી નથી, વાસ્તવમાં આપણા પૂર્વજોએ તો લક્ષ્ય બાંધી આપ્યું છે તે મુજબ, વર્તમાન ભારત સાથે પાકિસ્તાન અને બાંગલાદેશ સહિતનો પ્રદેશ જોડીને ફરીને અખંડ ભારત સ્થાપિત કરવાનું છે. વર્ષ ૧૯૪૭માં સરદાર વલ્લભભાઈ પટેલ અને પંડિત જવાહરલાલ નેહરુ સહિતના રાષ્ટ્રીય નેતાઓએ ક્યારેક એમના સાથી રહેલા મોહમ્મદ અલી ઝીણાની વિશાળ પાકિસ્તાન (આસામ સહિતના સંપૂર્ણ બંગાળ અને સંપૂર્ણ પંજાબ)ની અપેક્ષાથી વિપરીત "છિન્નભિન્ન" (હિષ્ઠ્ટ્રીઝ્ર : ટર્નકેટેડ) પાકિસ્તાન તરીકે "સડતા અંગ સમાન"ને કાપી ફેંકવાનું પસંદ કર્યું હતું. વિભાજનનો અનિચ્છાએ સ્વીકાર કરાયા છતાં "હિંદુ અને મુસ્લિમ બંને અલગ રાષ્ટ્ર છે" એવી ઝીણાની "ટુ-નેશન" થિયરીને એ વખતે ગાંધીજી, પંડિત નેહરુ, સરદાર કે મૌલાના આઝાદ સહિતના નેતાઓ સ્વીકારી શક્યા નહોતા. ૧૯૭૧માં પૂર્વ પાકિસ્તાનનું બાંગલાદેશમાં ફેરવાઈ જવું એ "ટુ-નેશન" થિયરીની નિષ્ફળતાનું ઝગારા મારતું ઉદાહરણ હતું. વિભાજન વેળા પણ સરદાર પટેલને શ્રદ્ધા હતી કે આજે પાકિસ્તાન ભલે અલગ થતું હોય, પણ અંતે તો એ ભારત સાથે ભળી જ જવાનું છે. સરદારે આંખમાં આંજેલા સ્વપ્નનું એ અંતિમ મિશન હજુ પૂરું કરવાની જવાબદારી વર્તમાન પેઢીની છે.

ભારત ભણી ઘૃણા પર ટકેલું અસ્તિત્વ

પ્રારંભથી જ પાકિસ્તાનનું અસ્તિત્વ ભારત ભણી ઘૃણા કે નફરત પર ટકેલું છે. એના રાષ્ટ્રપિતા કાઈદ-એ-આઝમ માંડ એક વર્ષ અને અગિયાર દિવસમાં જ અલ્લાહને પ્યારા થઈ ગયા, પણ એ પહેલાં એમણે બ્રિટિશ ઈન્ડિયાના વિભાજનના કરેલા પાપનું પ્રાયશ્ચિત કરવા માટે કરાંચી (એ વેળાની રાજધાની)માં પહેલા ભારતીય હાઈ કમિશનર શ્રીપ્રકાશને તેડાવીને વડાપ્રધાન નેહરુને સંદેશ પાઠવ્યો હતો કે મારે પાછા ફરવું છે. જૂનાગઢના નવાબે પણ પાછા ફરવા શ્રીપ્રકાશ કને દાણો દ